ગાંધીનગર સમાચાર

**સ્થાનિક આગેવાનો અને સંસ્થાઓને વાઇબ્રન્ટની ઉજવણીથી કોરાણે રખાયા**

# જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

**વાઇબ્રન્ટ ગુજરાતમાં પીએમ નરેન્દ્ર મોદીનું સંબોધન**



- પીએમ નરેન્દ્ર મોદી સંબોધનની શરુઆતે તમામ મહાનુભાવોને આવકાર આપ્યો હતો.
- નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.
- ૨૦૦૩થી વાઈબ્રન્ટમાં સતત સહકાર આપતાં દેશો માટે આભાર. જાપાન અને કેનેડાનો ખાસ આભાર માન્યો
- બિઝનેસ લીડરની ઉપસ્થિતિ પ્રેરણાદાયક, તેમના સહકાર વિના સફળતા ન મળતી. ટુલી ગ્લોબલ ઈવેન્ટ
- મહાત્મા ગાંધી, સરદાર પટેલની ભૂમિ, ભારતની વ્યાપારિક સૂઝસમજનું પ્રતિનિધિ પણ છે ગુજરાત
- ગુજરાતમાં હાલમાં ચાલી રહેલો પતંગોત્સવ ઊંચા ઉડવાની પ્રેરણા આપનાર છે
- અમારી મજબૂતી લોકશાહી છે. છેલ્લાં અઢી વર્ષમાં મોટા પરિણામ લોકશાહી સેટઅપના લીધે મળ્યાં
- અમે રાજ્યો વચ્ચે હેલ્ધી કોમ્પિટિશન વિકસાવી, વર્લ્ડ બેંકે સહાયતા આપી
- શિસ્તબદ્ધ અને ટેલેન્ટેડ યુવાનો ભારતની મોટી તાકાત. અમારા યુવાનો નોકરીની રાહ નથી જોતાં નોકરી આપવા માટે તૈયાર રહે છે
- ભારક ઉપદ્વીપમાં કુદરત મહેરબાન છે જ્યાં તમામ ખેતી થાય છે
- વિશ્વના ટોપ ટેન દેશોમાં ભારતનું સ્થાન આવે તે દિશામાં પ્રયત્નશીલ છીએ
- અમારી સંસ્થાઓના સ્કોલર્સની ઓળખ વિશ્વભરમાં, ભારત વિશ્વનું આર એન્ડ ડી હબ બન્યું છે.
- અમારુ મિશન પેરોડાઈમ શિફ્ટ છે જેના માટે કેટલાક પગલાં લીધાં જેના માટે અમે નિર્ણય લીધા
- પોલિસી બેઝ એડમિનિસ્ટ્રેશન, બિનઅસરકારક નીતિઓને બદલવાનું ધ્યેય

● અનુસંધાન પાન-૭ પર







વાયબ્રન્ટ સમિટની યાદગાર તસવીરો - ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે મંગળવારે આરંભાયેલ વાયબ્રન્ટ સમિટની તસવીરો યાદગાર બની રહેશે... પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીનો શાનદાર પ્રવેશ... પોલેન્ડના પ્રધાનમંત્રીને ભેટતા નરેન્દ્રભાઈ મોદી અને આવજો... જોવા ભાવસભર શબ્દો સાથે લાક્ષણિક પ્રવચનની પૂર્ણાહુતિ યાદ રહેશે...

# ગુજરાતમાં રોકાણ ન કરે તે મૂર્ખ છે : રતન તાતા

**વડાપ્રધાન મોદીની દૂરદર્શિતાની તાતા ગ્રુપના ચેરમેન દ્વારા વાઈબ્રન્ટમાં પ્રશંસા**



ગાંધીનગર,તા. ૧૦

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૭ની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૮મી એડિશનની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ટોચના ઉદ્યોગપતિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમિટમાં પહોંચેલા તાતા ગ્રુપના ચેરમેન રતન તાતાએ પણ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં રોકાણ ન કરે તે મુર્ખ સમાન છે. ગુજરાત ભારતનું એક અગ્રણી રાજ્ય છે. હું પણ ગુજરાતી છું અને આપણે પાછા ગુજરાતમાં આવ્યા છે. ગુજરાત દેશમાં કાર મેન્યુફેક્ચરિંગના મોટા હબ તરીકે છે. રતન તાતાએ ગુજરાતીમાં જ ભાષણ આપીને તમામને રોમાંચિત કરી દીધા હતા. રતન તાતાએ અન્ય વિવિધ મુદ્દાઓ ઉપર પણ

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં ૪૯૦૦૦ કરોડનું અદાણી ગ્રુપ મૂડીરોકાણ કરશે

**છેલ્લા પાંચ વર્ષમાં ૪૮૦૦૦ કરોડ રોકાયા : ગુજરાતમાં ૨૫૦૦૦ લોકોને અદાણી ગ્રુપ દ્વારા નોકરી અપાઈ છે : ગુજરાત મારી કર્મભૂમિ : ગૌતમ અદાણી**




ગાંધીનગર, તા. ૧૦

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭ની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. સમિટમાં ટોચના ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી. આ સમિટમાં બોલતા અદાણી ગ્રુપના વડા ગૌત્તમ અદાણીએ કહ્યું હતું કે, ગુજરાત અમારી કર્મભૂમિ છે. અદાણી ગ્રુપ ગુજરાતમાં મોટાપાયે રોકાણ કરવા માટે ઈચ્છુક છે. વતન રાજ્યમાં સંબોધન કરવામાં આનંદની સાથે સાથે ગર્વ પણ અનુભવ કરી રહ્યો છું. તેમણે કહ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટની અસર ગુજરાતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં જોવા મળશે. અનેક રાજ્યો ગુજરાત મોડલને અપનાવી ચુક્યા છે. અદાણી ગ્રુપ દ્વારા આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં ૪૯૦૦૦ કરોડનું રોકાણ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# રિલાયન્સ જીઓ ગુજરાતમાં બધી હોસ્પિટલ અને કોલેજ સાથે જોડશે

**દિવાળી સુધીમાં સમગ્ર ગુજરાત જીઓ ફોરજી નેટવર્કથી કવર કરાશે : છેલ્લા ચાર વર્ષમાં ૧૨૫૦૦૦ કરોડનું ગુજરાતમાં રોકાણ કરાયું છે : મુકેશ અંબાણી**



ગાંધીનગર,તા. ૧૦

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. ટોચના ઉદ્યોગપતિઓએ પોતાના બિઝનેસ કારોબારીને લઈને જુદી જુદી જાહેરાતો કરી હતી. ભારતના સૌથી અમીર વ્યક્તિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના વડા મુકેશ અંબાણીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, દિવાળી સુધી સમગ્ર ગુજરાતમાં જીઓ ફોરજી નેટવર્કને શરૂ કરી દેવામાં આવશે. તમામ વાઈબ્રન્ટમાં હાજર રહેવાનું તેમને સૌભાગ્ય મળ્યું છે. આને લઈને તેઓ ગર્વ અનુભવી રહ્યા છે. પોતાના સંબોધનમાં મુકેશ અંબાણીએ એમ પણ કહ્યું હતું કે, ગુજરાત ભારતમાં સૌથી વધારે એફડીઆઈ ધરાવતું રાજ્ય છે. રિલાયન્સ એક ગુજરાતી કંપની છે તેને લઈને તેઓ ગર્વ અનુભવ કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાનિક આગેવાનો અને સંસ્થાઓને વાઈબ્રન્ટની ઉજવણીથી કોરાણે રખાયા

**દેશ વિદેશના મહાનુભાવોના ઓવારણા પરંતુ નગર વિકાસમાં આગવુ યોગદાન ધરાવતા અગ્રણીઓ અને સંસ્થાઓની અવગણના**

ગાંધીનગર તા ૧૦

નગરના આંગણે વાઈબ્રન્ટ સમિટની ઉજવણીમાં દેશ વિદેશના મહેમાનોની આગતા સ્વાગતા માટે શાહી તામજામ કરાયો છે. પરંતુ ઘરઆંગણે રહેતા નાગરિકો અને સંસ્થાઓને ઉજવણીથી જાણે અળગા રખાયા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના અનેક મહેમાનોને આમંત્રિત કરી શાહી સ્વાગત માટે તમામ પ્રકારનો તામજામ કરવામાં આવ્યો છે. પરંતુ નગરના અગ્રણીઓ સહીત સ્થાનિક સંસ્થાઓ કે જણે નગરના વિકાસમાં સાથ આપ્યો છે તેમની જ બાદબાકી કરી દેવાઈ છે. સૌનો સાથ સૌનો વિકાસના સુત્ર વચ્ચે સ્થાનિક અગ્રણીઓ અને સંસ્થાઓને જ કોરાણે મુકી દેવાઈ છે. દેશ અને રાજયના સિમાડાઓ ઓળંગી નગરમાં મહેમાન પદ શોભાવતા મહાનુભાવોને ચોક્કસ માન સન્માન આપી વધામણા લેવા જોઈએ પરંતુ દર વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરના મહાનુભાવોને એક પણ કાર્યક્રમમાં ભાગીદાર બનાવાતા નથી. શહેરમાં વખતોવખત યોજાતા સરકારી કાર્યક્રમ કે અન્ય લોકજાગૃતિના અભિયાનને વેગ આપવા સંસ્થાઓ અને નગરના આગેવાનોના ઓવારણાં લેવામાં આવે છે. પરંતુ ઘરઆંગણે ઉજવાતી આ સમિટમાં આમંત્રિતોમાં પણ સ્થાન મળતુ નથી. વાઈબ્રન્ટ સમિટ માત્ર વી આઈ પી મહાનુભાવો પુરતી જ સમિત બની જાય છે. દેશ દુનિયાની વિકાસ યોજના અને બિઝનેસ ટ્રેન્ડને મજબુત સ્વરૂપ આપતી સોહામણી સમિટમાં શુટબુટ પહેરીને સજ્જ જોવા મળતા દેશ વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે નગરના પ્રતિનિધિઓ, સંસ્થાઓની ગેરહાજરી આમ નાગરિકોને પણ ખુંચતી હોવાનો સુર ઉઠ્યો છે. વી આઈ પી ઓની ઓવારણાં લેવામાં સજ્જ સરકારી તંત્ર દ્વારા પણ આ મામલે જરાપણ સ્થાનિક નાગરિકોની લાગણીનો સ્વીકાર કરવામાં આવ્યો નથી.

વાઈબ્રન્ટ સમિટમાં સ્થાનિક આગેવાનો અને સંસ્થાઓને હાંસિયામાં ધકેલી દેવાનો અભિગમના લીધે ઘણુ ખુટતુ અને ખુંચતુ હોવાનો ગણગણાટ રોષનુ કારણ બન્યો છે. ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ માટે વર્ષોથી લડત આપતી નગરની શુભચિંતક સંસ્થાઓને પણ વિકાસ યોજનાના ખાતમુહુર્ત વિધિમાં સાક્ષી ન બનાવાઈ વાઈબ્રન્ટ સમિટમાં નગરના અગ્રણીઓ તેમજ નાગરિકોને કોર્નર કરી દેવાતા આમ નાગરિકોમાં પણ નારાજગી વ્યાપી છે.

**ઉર્જા બચતની ઐસી તૈસી**

# પાર્કીંગ પ્લેસ પર ધોળા દિવસે પણ લાઈટો ચાલુ

**વિજબચતના અભિગમ સાથે નગરમાં એલ ઇ ડી પ્રોજેક્ટના અમલ વચ્ચે વાઇબ્રન્ટ મિજાજ ધરાવતા બાબુઓની બેદરકારી**

ગાંધીનગર તા ૧૦

નગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આંખ આંજી દે તેવી રોશનીનો નઝારો જોવા મળી રહયો છે. પરંતુ એક બાજુ એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવી ઉર્જા બચતની સુફિયાણી વાતો થાય છે. ત્યારે રાત્રિ સિવાય દિવસના સમયે પણ વિજળીનો વેડફાટ થાય છે. સમીસાંજથી શરૂ થયેલી રોશની અને પાર્કીંગ પ્લેસ પરની એલોજન લાઈટસ ધોળે દિવસે પણ બંધ કરવાની તસ્દી સુધ્ધા લેવાતી નથી. પ્રજાના પૈસે ઉજવાતા વાઈબ્રન્ટના પર્વમાં બિનજરૂરી વિજ પ્રવાહનો દુર ઉપયોગ થતા પ્રબુધ્ધ નાગરિકોનુ મોં વંકાયુ છે. આમ નાગરિકોની સાથે તંત્રના બાબુઓ પણ ઉર્જાબચતની સમજ કેળવી લે તો સાચા અર્થમાં વિજબચતની યોજના સાકાર થશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

વાઈબ્રન્ટ સમિટમાં વી વી આઈ પી મહાનુભાવોના ઓવારણાં લેવા માટે તંત્ર છેલ્લા એક મહીનાથી ખડેપગે છે. વાઈબ્રન્ટ સમિટની ઉજવણીને અનુલક્ષી નગરને દુલ્હનની જેવો શણગાર કરવામાં આવ્યો છે. રાત્રિના સમયે રંગબેરંગી રોશનીની ઝાકમઝોળ વચ્ચે નગરમાં અદભુત નઝારો જોવા મળી રહયો છે. જયારે રોશની ઉપરાંત સલામતી વ્યવસ્થાના ભાગરૂપે તંત્ર દ્વારા વૃક્ષો અને કોર્નર થતા વિસ્તાર સહીત પાર્કીંગ પ્લેસ પર પણ લાઈટીંગ કરવામાં આવ્યુ છે. જેમાં પ્રકાશ પાથરતી એલોજન લાઈટના લીધે પણ વિજપ્રવાહનો વપરાશ વિશેષ થાય છે. પરંતુ નગરમાં એલ ઈ ડી લાઈટ લગાવી વિજબચતની સુફિયાણી વાતો કરતા તંત્રના અધિકારીઓને વાઈબ્રન્ટના નામે વેડફાતા વિજ પ્રવાહની જરાપણ ગંભીરતા નથી. રાત્રિના ૧૨ કલાક બાદ બપોર સુધી પાર્કીંગ પ્લેસ પર લાઈટો ચાલુ જોવા મળે છે. જેના પરિણામે મોટાભાગનો વિજપ્રવાહ એમ જ વેડફાય છે. પાર્કીંગ પ્લેસ પર ધોળા દિવસે આમ જ લાઈટો ચાલુ રહેતા નગરના પ્રબુધ્ધ નાગરિકોનુ મોં વંકાયુ છે. આમ નાગરિકોમાં બિનજરૂરી ખર્ચ અને વિજળીના બગાડ સામે રોષ પ્રવર્તયો છે.


















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com